RAN-2101000106020047

# RAN-2101000106020047

## T.Y.B.A. (Sem. VI) Examination October - 2023

## Sanskrit : Paper - 22 : न्यायदर्शन एवं अनुवाद

## Set - 3

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(૧) **નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **T.Y.B.A. (Sem. VI)**

Name of the Subject :

☛ **Sanskrit : Paper - 22 : न्यायदर्शन एवं अनुवाद**
**Set - 3**

Subject Code No.: 2101000106020047

Seat No.:

Student's Signature

**પ્ર. ૧ ટૂંકમાં જવાબ લખો : (કોઈ પણ પાંચ)** **૧૦**

(૧) ન્યાયસૂત્રના રચયિતા અને ન્યાયભાષ્યના કર્તાનાં નામ જણાવો.

(૨) ન્યાય-વૈશેષિક પરંપરા કારણના કેટલા પ્રકાર દર્શાવે છે?

(૩) સંબંધ કેટલા પ્રકારનો છે? કયા કયા?

(૪) લિંગપરામર્શ કોને કહેવાય?

(૫) સમવાયિકારણનું લક્ષણ આપો.

(૬) અયુતસિદ્ધ પદાર્થો કોને કહેવાય?

(૭) 'छलम्' નો અર્થ આપો.

**પ્ર. ૨ સાનુવાદ વિવરણ કરો : (કોઈ પણ બે)** **૧૩**

(१) लक्षणं त्वसाधारणधर्मवचनम्। यथा गोः सास्नादिमत्वम्।

(२) असमवायिकारणं तदुच्यते यत् समवायिकारणप्रत्यासन्नमवधृतसामर्थ्यं तदसमवायिकारणम्।

(३) तच्चानुमानं द्विविधम्। स्वार्थं परार्थं चेति।

(४) वाक्यं त्वाकाङ्क्षायोग्यतासन्निधिमतां पदानां समूहः।



P0402

પ્ર. ૩ હેત્વાભાસ એટલે શું? તેના પ્રકાર જણાવી કોઈ પણ બે પ્રકારો વિશે વિસ્તૃત નોંધ લખો. ૧૩

**અથવા**

**પ્ર. ૩ ટૂંક નોંધ લખો.** **૧૩**

(૧) શબ્દ પ્રમાણ

(૨) तर्क-जातय:-निग्रहस्थानानि।

**પ્ર. ૪ સંસ્કૃતમાં અનુવાદ કરો : (કોઈ પણ બે)** **૧૪**

(૧) કાગડો ચતુર પક્ષી છે. એક દિવસ એક કાગડો વનમાં આમતેમ ભમતો હતો. ત્યારે તે તરસ્યો થયો. તેથી તે પાણી માટે આમ તેમ ભમવા લાગ્યો. પરંતુ કોઈ જગ્યાએથી પાણી મળ્યું નહી. થોડા સમય પછી ખેડૂતના વાડામાં તે એક ઘડો જુએ છે. પછી તે ઘડાની પાસે જાય છે. થોડા સમય સુધી તે ત્યાં અહીં તહીં ફરે છે. ત્યાર પછી તે ઘડાના મુખ ઉપર બેસે છે. પછી તે ઘડામાં થોડું પાણી જુએ છે. તે પાણી પીવા માટે તે ચાંચથી યત્ન કરે છે. પરંતુ પાણીનું ટીપું પણ તેને મળતું નથી.

(૨) મનુષ્યો પોપટને પાંજરામાં પાળે છે. પાંજરામાં રહેલા પોપટો મનુષ્યોના સારા અને ખરાબ વચનો બોલે છે. સજ્જનોના અને પંડિતોના ઘરોમાં પોપટો સારાં વચનો બોલે છે. તેનાથી છોકરાઓ સુંદર ચરિત્રવાળા બને છે. તેના મધુર શબ્દો બાળકો અને મનુષ્યોને પ્રસન્ન કરે છે. પોપટ રમણીય પક્ષી છે. તેથી મનુષ્યો તેને પાંજરામાં પાળે છે. પોતાની મરજી મુજબ ફરનાર બધા પક્ષીઓમાં પોપટ તારી મધુર વાણીને લીધે તું પાંજરામાં પુરાઈ ગયો.

(૩) આ તળાવ છે. તળાવના તીરે એક વૃક્ષ છે. એક દિવસ વૃક્ષની શાખામાં એક કબૂતર બેસે છે. ત્યારે એક કીડી વૃક્ષની કાળી પરથી તળાવના પાણીમાં પડે છે. ત્યારે કબૂતર કીડીને પાણીમાં જુએ છે. ત્યારે કબૂતરના હૃદયમાં દયા ઉત્પન્ન થાય છે. તે દયાથી તેની પાસે પાંદડું ફેંકે છે. પછી કીડી પાંદડા ઉપર બેસે છે. તળાવનાં મોજાંઓ તે પાંદડાંને કિનારા પર લાવે છે. પછી કીડી પોતાના ઘરે જાય છે અને કબૂતરને ધન્યવાદ આપે છે.

(૪) કોઈ એકવાર કોઈ તરસ્યો શિયાળ પાણી પીવા જાય છે ત્યારે તે કૂવામાં પડી જાય છે. તે સહાય માટે રડે છે. એટલામાં કોઈ બકરો કૂવાના પાસે આવે છે. તે કૂવાના નીચેના ભાગમાં શિયાળને જુએ છે. તે બકરો સહાય કરવા કૂવામાં ઊતરે છે. શિયાળ તેનાં શિંગડા પર ચઢીને કૂવાની બહાર નીકળી જાય છે. ત્યાર પછી બકરો પાણીમાં વારંવાર ડૂબકી મારતા મરણ પામે છે. દુર્જન પ્રિયવાદી છે પણ તે વિશ્વાસપાત્ર નથી, કારણ કે તેની જીભમાં મીઠાં વચનો રહેલાં છે. પરંતુ તેનાં હૃદયમાં ઝેર રહેલું હોય છે.

---